**(1) ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લીયર એક્સપેરીમેન્ટલ રીએક્ટર (ITER) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે એક આંતરરાષ્ટ્રીય ન્યુક્લીયર ફિશન (Fission) રિસર્ચ તથા એન્જિનિયરીંગ મેગાપ્રોજેક્ટ છે.
(2) આ પ્રોજેક્ટમાં ભારત પણ સમાવિષ્ટ છે.
(3) આ પ્રોજેક્ટ 500 MWની ઊર્જા ઉત્પન્ન કરશે.
(4) આ પ્રોજેક્ટ ફ્રાંસમાં બની રહયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ITER તેના અસેમ્બલી ફેઝ ચાલું થવાની ઊજવણી કરી રહયું છે. આ મેગાપ્રોજેક્ટ 1985થી કાર્યરત છે અને હવે તે તેના અસેમ્બલી ફેઝમાં આવ્યો છે. આ ફેઝ/તબક્કો 5 વર્ષ ચાલશે.

⇛ ITER એક આંતરરાષ્ટ્રીય ન્યુક્લીયર ફ્યુઝન (Fusion) રિસર્ચ તથા એન્જિનિયરીંગ મેગાપ્રોજેક્ટ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટ દક્ષિણ ફ્રાંસમાં બની રહયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટમાં 7 સભ્યો છે જે તેનું ફંડીંગ કરે છે તથા પ્રોજેક્ટને ચલાવે છે.
- યુરોપિયન યુનિયન
- યુનાઈટેડ સ્ટેટ્સ (USA)
- ભારત
- દક્ષિણ કોરીઆ
- ચીન
- રશિયા
- જાપાન

(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ ફ્યુઝન પદ્ધતિ દ્વારા 500 MWની ઊર્જા ઉત્પન્ન કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ઉપરાંત પ્રોજેક્ટ ટ્રીટીયમ બ્રિડીંગનું પરીક્ષણ કરશે.

⇛ ITER એ પ્રથમ ફ્યુઝન ઉપકરણ બનશે જે નેટ ઊર્જા ઉત્પન્ન કરશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) Perseverance રોવર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રોવરને મંગળ ગ્રહ પર જવા માટે તાજેતરમાં લોંચ કરવામાં આવ્યું છે.
(2) આ રોવર યુ. કે. અને જર્મનીનો સંયુકત પ્રોજેકટ છે.
(3) આ રોવર મંગળ ગ્રહ પર મોલેકયુલર ઓકિસજનનું ઉત્પાદન કરશે.
(4) મંગળ પર જનારું પ્રથમ હેલિકોપ્ટર "Ingenuity" પણ આ મિશનમાં સમાવિષ્ટ છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2) અને (4)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 30 જુલાઈના રોજ નાસાએ તેનું Mars 2020 મિશન લોંચ કરેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ મિશનમાં Perseverance રોવર તથા Ingenuity હેલિકોપ્ટર ડ્રોનનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

⇛ આ પ્રથમ બનાવ છે કે જેમાં કોઈ હેલિકોપ્ટરને મંગળ પર મોકલાય રહયું હોય.

⇛ આ મિશન મંગળ પર 18 ફેબ્રુઆરી 2021ના રોજ Jezero ક્રેટર પર ટચ–ડાઉન કરશે.

⇛ Perseveranceમાં એક વિશિષ્ટ ઉપકરણ 'MOXIE' (Mars Oxygen ISRU Experiment) હશે. આ ઉપકરણ મંગળ પરના કાર્બન ડાયોકસાઈડનો, ઉપયોગ કરી સૌ પ્રથમ વખત મંગળ ગ્રહ પર મોલેકયુલર ઓકિસજનનું ઉત્પાદન કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ISRUનો અર્થ In Situ Resource Utilization થાય છે.

⇛ ઉપરાંત આ રોવર મંગળ પરથી ખડકના સેમ્પલ પણ પરત લઈ આવશે જેથી તેનું એનાલીસીસ કરી શકાશે.

⇛ જુલાઈ મહિનાનો આ ત્રીજો માર્સ પ્રોજેકટ છે. અગાઉ દુબઈનું Hope મિશન તથા ચીનનું TIANWEN-1 મિશન પણ આ જ મહિનામાં લોંચ થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એગ્રીમેન્ટ-1 તથા 2 (ITA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ બન્ને સંધિ WTO હેઠળ આવે છે.

(2) ભારતે બન્ને સંધિ પર સહી કરેલી છે.

(3) કેટલાંક વિકાસશીલ દેશોએ ITAને વધુ વિસ્તૃત કરવાનું સૂચવ્યું હતું.

(4) સિંગાપોર મિનિસ્ટ્રીયલ કોન્ફરનસ, 2015માં ITAને વિસ્તૃત કરવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (1)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભારતે મોબાઈલ ફોન તથા કેટલાક અન્ય ICT (ઈન્ફોર્મેશન & કમ્યુનિકેશન ટેક્નોલોજી) ઉત્પાદનો પર 20% કસ્ટમ ડ્યુટી લગાડેલી છે.

⇛ ભારતના આ નિર્ણયથી કેટલાંક દેશોએ ભારત વિરુદ્ધ WTOમાં ફરિયાદ દાખલ કરી છે. આ ફરિયાદો મુખ્યત્વે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એગ્રીમેન્ટ-II હેઠળ કરવામાં આવી છે.

⇛ ભારત ITA-IIનું કદી સહીકર્તા બન્યુ નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ITA-I તથા II બન્ને WTO હેઠળ આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ITA-I, 1 જુલાઈ 1997થી અમલી છે તથા ભારત આ સંધિમાં સહીકર્તા છે.

⇛ ITA હેઠળ મહત્ત્વના ICT ઉત્પાદનો માટે વેપારના અવરોધો ઘટાડવાની તથા ICT ઉદ્યોગને વેગ આપવાની વાત કરવામાં આવી છે.

⇛ કેટલાંક વિકસિત દેશોએ ITAને વિસ્તૃત કરવાનું જણાવ્યું હતું. પરિણામે નૈરોબી મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સ, 2015 બાદ ITA-II અસ્તિત્વમાં આવેલ છે. (આથી, વિધાન (3) અને (4) ખોટાં છે.)

⇛ ITA-IIથી સૌથી વધુ લાભ ચીનને થયો છે. ITA-IIમાં કેટલાંક ઉત્પાદનો માટે કસ્ટમ ડ્યુટી શૂન્ય કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) યુનિસેફના લીડ પોઈઝનીંગ (Lead Posioning) વિશેના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) વિશ્વના આશરે 80 કરોડ બાળકો લીડ પોઈઝનીંગથી અસરગ્રસ્ત છે.
(2) આ પૈકી 27.5 કરોડ બાળકો ભારતમાં છે.
(3) નીચી તથા મધ્યમ આવક ધરાવતાં દેશોમાં લીડ–એસિડ બેટરી લીડ પોઈઝનીંગનું મુખ્ય કારણ છે.
(4) લીડ પોઈઝનીંગ દ્વારા ન્યુરોલોજીકલ આડઅસર થઈ શકે છે.

(A) માત્ર (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુનિસેફ દ્વારા લીડ પોઈઝનીંગ માટે એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટ મુજબ, વિશ્વના ત્રીજા ભાગના બાળકો, એટલે કે આશરે 80 કરોડ બાળકો લીડ પોઈઝનીંગથી અસરગ્રસ્ત છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પૈકી 27.5 કરોડ બાળકો ભારતમાં રહે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ નીચી તથા મધ્યમ આવક ધરાવતાં દેશોમાં બિનઔપચારિક (Informal) તથા નીચી ગુણવત્તા ધરાવતાં લીડ–એસિડ બેટરીના રિસાયકલીંગના કારણે મુખ્યત્વે લીડ પોઈઝનીંગ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ લીડ પોઈઝનીંગ દ્વારા ન્યુરોલોજીકલ, કોગ્નીટીવ (જ્ઞાનાત્મક) તથા શારીરિક ખામીઓ આવે છે જે જીવનભર રહી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) Gandhi-king Scholarly Exchange Initiative Act વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ બિલ યુ.એસ. હાઉસ પેનલ દ્વારા પસાર કરવામાં આવ્યું છે.
(2) આ બિલ મહાત્મા ગાંધી તથા માર્ટીન લુથર કિંગ જુનિયરની ધરોહરને પ્રોત્સાહન આપવા માટેનું છે.
(3) આ દ્વારા ભારતીય તથા અમેરિકન વિદ્યાર્થીઓની વાર્ષિક હેરફેર કરવામાં આવશે.
(4) આ બિલમાં ગાંધી કિંગ ગ્લોબલ એકેડેમીની સ્થાપના કરવાની પણ ઈચ્છા કરવામાં આવી છે.

(A) માત્ર (2) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ યુ.એસ. હાઉસ પેનલ દ્વારા ઉપરોક્ત બિલ પસાર કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ બિલ મહાત્મા ગાંધી અને માર્ટીન લુથર કિંગ જુનિયરની ધરોહરને પ્રોત્સાહન આપવા માટેનું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ બિલ દ્વારા સ્કોલર તથા વિદ્યાર્થીઓનો વાર્ષિક હેરફેર પ્રોગ્રામ ભારત તથા અમેરિકા વચ્ચે યોજાશે. આ લોકો એકબીજાના દેશના નેતાઓની ધરોહર જાણી શકશે તથા તેમને સંબંધિત ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ બિલ ગાંધી–કિંગ ગ્લોબલ એકેડેમીની સ્થાપના કરવા ઈચ્છે છે. આ એક કન્ફલીકટ (Conflict) રિઝોલ્યુશન પહેલ છે જે અહિંસાના સિદ્ધાંતો પર કાર્ય કરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ ઉપરાંત બિલમાં યુ.એસ.–ઈન્ડિયા ગાંધી–કિંગ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનની સ્થાપના કરવાની ભલામણ કરવામાં આવી છે. તેની સ્થાપના USAID (US Agency for International Development) તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT